# સૌથી મહાન વ્યક્તિ

– એસ. રામક્રિસ્તય્યા

એકવાર મગધ દેશના રાજા નરસિંહનાથે એ જાણવાનું વિચાર્યું કે રાજ્યમાં સૌથી મહાન વ્યક્તિ કોણ છે અને એ પૂછવા માટે પોતાના પ્રધાનમંત્રી સુબુદ્ધિને બોલાવ્યો. સુબુદ્ધિએ જવાબ આપતા **કહ્યું**, ''મહારાજ, આપણા રાજ્યમાં **બધી** જ વ્યક્તિ મહાન છે. અવસર આવતાં બધા ઊઠીને ઊભા થાય છે અને જે કંઈપણ અપેક્ષિત હોય છે તેઓ તે કરે છે.''

રાજાને આ જવાબથી સંતુષ્ટિ થઈ નહીં. તેણે સુબુદ્ધિને કહ્યું, ''આમ હું ન માનું, મને સાબિત કરીને બતાવો.''

''મહારાજ ! ઉચિત સમય આવ્યે હું આ સિદ્ધ કરી દઈશ.'' સુબુદ્ધિએ શાંત ભાવે કહ્યું. થોડા દિવસો વીતી ગયા. રાજા નરસિંહનાથે વિદર્ભ રાજ્ય પર આક્રમણ કરવાનું નક્કી કર્યું. તેના પર વિચાર કરતાં જ તેણે પોતાની સેના તૈયાર કરી અને **બંને** રાજ્યોની વચ્ચે સીમા પર **તહેનાત** થવાની વ્યવસ્થા કરી. રાજા નરસિંહનાથ અને પ્રધાનમંત્રી સુબુદ્ધિ બંને વિદર્ભ રાજ્યની સ્થિતિ જોવા વેશપલટો કરીને સીમામાં પ્રવેશ્યા.

તેઓ થોડે દૂર ગયા જ હશે કે વિદર્ભ રાજ્યના સૈનિકોએ તેમને ચોર સમજીને પકડી લીધા અને જેલમાં પૂર્યા. રાજા અને પ્રધાનમંત્રી બંનેને એક જ કોટડીમાં રાખવામાં આવ્યા. તે જ કોટડીમાં એક બબુઆ નામનો ચોર પણ હતો. તેનું ધ્યાન તેમનાં કીમતી રત્નો તરફ ગયું જે તેમણે પોતાના ગળા અને હાથમાં પહેરી રાખ્યાં હતાં. તેણે ગમે તે રીતે તેમને ચોરી લેવાનું વિચાર્યું. પરંતુ તેઓ બધા જેલમાં હોવાથી તે સંભવ નહોતું, તેથી તેણે પોતાનો વિચાર પોતાના મનમાં જ રાખ્યો પણ તેણે રાજા અને પ્રધાનમંત્રીને કહ્યું કે તે સવાર પડે તે પહેલાં જેલમાંથી ભાગી છૂટશે. તેણે એ પણ **કહ્યું** કે જો બંનેને તેની સાથે આવવું હોય તો આવી શકે છે. રાજા અને પ્રધાનમંત્રીએ તેનો પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી લીધો. તેણે કહ્યું કે તે જેલમાં બનેલી નાનકડી બારીનાં સળિયા તોડી નાખશે. અને તે પછી એક એક કરીને તે બારીમાંથી નીકળી શકાશે.

જેવું નક્કી થયું હતું તેમ તેણે બારીમાં લાગેલા લોખંડના સળિયા તોડી નાખ્યા. તે બારીમાંથી બહાર કૂદી ગયો અને પછી રાજા અને પ્રધાનમંત્રીને બહાર આવવામાં મદદ કરી. રાજા અને

પ્રધાનમંત્રીએ બબુઆને બહાર નીકળવામાં મદદ કરી તે માટે પોતાનાં આભૂષણો તેને ભેટમાં આપી દીધાં. પોતાને જે જોઈતું હતું તે આ રીતે અચાનક મળી જવાથી તેને આશ્ચર્ય થયું. તેણે તેમનો આભાર માન્યો અને ત્યાંથી ચાલતો થયો.

આ વાત પરોઢ થાય તેની થોડીવાર પહેલાંની જ હતી, કેમકે જેલ શહેરથી બહાર હતી તેથી રાજા અને પ્રધાનમંત્રી તે ધુંધળા પ્રકાશમાં રસ્તો ભૂલીને એક જંગલમાં પેસી ગયા. જ્યારે જંગલમાં જઈ રહ્યા હતા ત્યારે એક ચિત્તાએ તેમના પર હુમલો કર્યો. તેમની પાસે ત્યારે કોઈ હથિયાર ન હોવાથી તેમને લાગ્યું કે હવે તેઓ ચિત્તાનો શિકાર બની જશે તેથી તેમણે જોરથી ચીસ પાડી.

તે જ ક્ષણે, એક આદિવાસી ખબર નહીં ક્યાંથી આવ્યો અને તેણે ચિત્તા પર ભાલો ફેંકીને તેને એક ઝાટકે મારી નાંખ્યો. રાજા અને પ્રધાનમંત્રી તેને એ પણ ન પૂછી શક્યા કે તે કોણ છે અને એ પહેલાં જ તે ત્યાંથી જતો રહ્યો. તે તેમની ભાષા પણ સમજતો નહોતો અને ઝડપથી જંગલમાં ભાગી ગયો. રાજા અને પ્રધાનમંત્રીએ પોતાના નસીબનો આભાર માન્યો અને આખો દિવસ ચાલીને તેઓ પોતાના તંબૂ સુધી પહોંચ્યો. જ્યારે તેઓ તેમના પડાવ પર પહોંચ્યા ત્યારે અત્યંત થાકી ગયા હતા. થાકને લીધે તેઓ તંબૂમાં પહોંચતાં જ ગાઢ નિદ્રામાં પોઢી ગયા.

મધરાતે તે પડાવમાં આગ લાગી અને ધીમે ધીમે તંબૂને પણ ઝપટવા લાગી.



એક સૈનિકે સ્ફૂર્તિથી રાજાને ખેંચીને સુરક્ષિત સ્થળે પહોંચાડયા અને પછી પ્રધાનમંત્રીને પણ બહાર કાઢી લીધા. આમ કરતાં કરતાં તે થોડો ઘાયલ થઈ ગયો. રાજા અને પ્રધાનમંત્રીને જરાપણ ઈજા ન થઈ. સવાર થતાં રાજાએ પોતાનો નિર્ણય સંભળાવ્યો કે તેઓ વિદર્ભ પર આક્રમણ નહીં કરે અને તેમણે પાછા જવાથી ઈચ્છા વ્યક્ત કરી. રાજા અને પ્રધાનમંત્રી સહિત સેના પાછી ફરી.

પ્રધાનમંત્રીએ રાજાને કહ્યું, '' મહારાજ ! તમે એકવાર મને પૂછ્યું હતું કે સૌથી મહાન માણસ કોણ છે. આજે તે જ પ્રશ્ન હું આપને પૂછું છું. શું તે ચોર મહાન હતો જેણે આપણને જેલમાંથી બહાર નીકળવામાં મદદ કરી ? શું તે આદિવાસી વધુ મહાન હતો જેણે ચિત્તાથી આપણને બચાવ્યા કે પછી તે સૈનિક મહાન છે જેણે પોતાના પ્રાણ જોખમમાં મૂકી આપણો જીવ બચાવ્યો.

રાજાએ જવાબ આપ્યો, ''તે બધા મહાન હતા. પોત પોતાની રીતે તેમણે જે કર્યું તે જોતાં બીજા રાજ્યના લોકો પણ મહાન છે. જેનાં ઉદાહરણો તે ચોર અને આદિવાસી છે. એ જ કારણે મેં વિદર્ભ પર આક્રમણ કરવાની મારી યોજનાને પાછી ખેંચી લીધી. બીજા રાજ્યના ભોળા–નિર્દોષ લોકોને ઈજા પહોંચાડવા નહોતો માંગતો.''

ત્યારે પ્રધાનમંત્રીએ કહ્યું, ''મેં આપને તે જ દિવસે કહ્યું હતું કે પોતપોતાના કામના આધારે બધા જ લોકો મહાન છે. તો શું હવે તમે મારી વાતથી સંમત છો ?'' રાજાએ સંમતિમાં માથું હલાવ્યું.

પ્રધાનમંત્રીએ આગળ ઉમેર્યું, ''તમે તમારું મન બદલી લીધું અને શાંતિપ્રિય બની ગયા. જો તમે ઈચ્છતા તો વિદર્ભ રાજ્યને જીતી શકત, પરંતુ તે જ વાત છે જેણે આપનું મન બદલી નાંખ્યું. અને ફક્ત તેથી જ તમે તે બધામાં સૌથી મહાન લાગી રહ્યા છો.''

મંત્રીના હાથ પકડીને રાજા જોરથી હસી પડયા.

■